# બેલુરમઠ

હલેબીડથી બેલુરમઠ આશરે ૧૪ કિ.મી. દૂર છે. આ બેલુરમઠ અન્ય ધર્મીઓનું ઐતિહાસિક સ્થળ છે. વિષ્ણુવર્ધનના સમયમાં ઈ. સ. ૧૧૧૭માં આ મઠ બંધાયેલો છે. આ માહિતી ત્યાં સરકારી બોર્ડ મૂકેલું છે તેના ઉપરથી લખેલી છે. આ મંદિર ૮૫૦ વર્ષ જૂનું છે. આ મંદિરમાં તિરૂપતી બાલાજીની મોટી મૂર્તિ છે. અહીં કિંમતી કસોટી પથ્થરના ઘણા જ મોટા અને ઘણી નકશીવાળા થાંભલાઓ છે. અંદર મૂર્તિના દર્શન કરવાની ટીકીટ લેવી પડે છે. પણ તે ટીકીટમાં ગાઈડ સાથે આવીને બધુ જ બતાવે છે અને સમજાવે છે. બીજુ વિષ્ણુમંદિર છે. દરવાજે ગરૂડમૂર્તિ છે. એક જ પથ્થરમાં દશાવતાર કોતરેલ છે. બહાર ફરતી છતમાં ૪૨ મૂર્તિઓ કોતરેલી છે. અંદર તેમની કોઈ દેવીની મૂર્તિ છે. તેમજ સાત મોઢાનો ફેણવાળો મોટો સર્પ પણ બનાવેલો છે. કસોટીના એક જ થાંભલામાં આખા મંદિરના બધા જ દશ્યો કોતરેલા છે. દરવાજા ઉપરનું શિખર ઘણું જ-ખૂબ જ ઊંચુ છે. અંદરનું આખું કમ્પાઉન્ડ પથ્થરથી પાકુ બાંધેલું છે, જે ખૂબ જ મોટું છે. છતાંય સફાઈ ઘણી જ હોય છે. બેલુરમઠની વિશાળ જગ્યા અને નકશીકામના કારણે આ સ્થળ ભારતમાં વખણાય છે.

હોયસલ નરેશ વિષ્ણુવર્ધનની રાજધાની પહેલાં હલેબીડમાં હતી. પાછળથી તેણે પોતાની રાજધાની બેલુરમાં ફેરવી હતી. વિષ્ણુવર્ધને જૈન ધર્મ છોડી વૈષ્ણવ ધર્મ અંગીકાર કર્યા પછી ઈ.સ. ૧૧૧૭માં જે વૈષ્ણવનું મોટું મંદિર "કેશવમંદિર" બંધાવ્યુ હતુ તે આ મંદિર છે. આ મંદિરમાં દિવાલ ઉપર રામાયણ અને મહાભારતના ચિત્રો કોતરેલાં છે. આ મંદિરમાં પ્રવેશદ્વાર ઉપર વિષ્ણુ, લક્ષ્મીનારાયણ, વર્ણનાથ, શિવ, વિગેરેની મૂર્તિઓ છે. તે સિવાય અહીં અન્ય દેવ-દેવીઓ જેવા કે ભૈરવ, દુર્ગા, બ્રહ્મા, તાંડવેશ્વર, વિષ્ણુ, વિગેરેની મૂર્તિઓ પણ છે. કર્ણાટકમાં અન્ય ધર્મીઓનું આ દર્શનીય સ્થળ છે.

# હાસન

શ્રવણબેલગોલાથી ૫૨ કિ.મી. દૂર હાસન છે. અહીં બે જિનમંદિરો છે. અહીં સાર્વજનિક ભોજનાલય છે. શ્રી પાર્શ્વનાથ પ્રભુના મંદિરમાં શ્રી પાર્શ્વનાથ પ્રભુ ખડ્ગાસને છે. તે સિવાય બીજા પ્રતિમાજી પણ છે. તે સિવાય પંચધાતુના ખડ્ગાસને નાના-નાના ઘણા પ્રતિમાજી છે. અહીં સફેદ આરસની બાહુબલીજીની ૪।। ફીટની ખડ્ગાસન પ્રતિમાજી પણ છે. તે સિવાય પંચધાતુના બાવન જિનાલય છે.